Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક

PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 41 • Dt. 07-07-2025 • Monday • Rs.5-00 • • Page-4




## ભુજ-નખત્રાણા-લખપત રાજ્ય ધોરીમાર્ગ બંધ

# કચ્છમાં સાંબેલાધાર વરસાદ; અનેક ગામનો સંપર્ક કપાયો

### રાપરના રામવાવ, ભીમાસર, આડેસર, વાગડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે








કચ્છ

ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે કચ્છ જિલ્લામાં સાંબેલાધાર વરસાદ વરસ્યો છે. કચ્છના અલગ- અલગ તાલુકાઓમાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. કચ્છ જિલ્લાના માંડવીના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે. અબડાસામાં આવેલા બારા ગામનો સંપર્ક કપાયો છે. ગામની નદીમાં ઘોડાપૂર આવતાં બન્ને કાંઠાનો સંપર્ક કપાયો છે. ગામને જોડતો એક માત્ર રસ્તો પણ બંધ થતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. રાપર, અબડાસા અને નખત્રાણામાં મેઘરાજા મન મુકીને વરસ્યા છે. રાપરના રામવાવ, ભીમાસર, આડેસર, વાગડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. અબડાસાના બાલાપર, રાયધણજર, ચિયાસર, અરજણપર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતા ખેતરો વરસાદી પાણીથી તરબોળ થયા હતા. નખત્રાણાના ઉખેડા, જાડાય, જીયાપરા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદ વરસતા ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળ્યા હતા.

કચ્છ જિલ્લામાં મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી હતી. નખત્રાણા, રાપર, માંડવી, અબડાસા, મુંદ્રામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદથી નખત્રાણા પાણી પાણી થયું છે. ભુજ-નખત્રાણા-લખપત રાજ્ય ધોરીમાર્ગ બંધ થયો હતો. સુખપર રોહા ગામની બજારમાં નદીની માફક પાણી વહેતા થયા હતા. સલાયા અને નાની ભાડાઈ ગામમાં વરસાદ વરસ્યો છે. મુન્દ્રાના ખાખર, ભુજપુર, ગુંદાળા, દેશલપર, કંઠી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા રોડ-રસ્તા પાણી પાણી થયા હતા. કચ્છ જિલ્લામાં બપોર બાદ ધોધમાર વરસાદ વરસ્યો છે. કચ્છના અબડાસામાં ભારે વરસાદને કારણે નદીઓ બે કાંઠે થઈ છે. અબડાસા તાલુકાની વેલડી નદી બે કાંઠે થઈ છે. નદી બે કાંઠે વહેતી થતા ખેડૂતો ખુશખુશાલ થયા છે. દક્ષિણ ગુજરાત સહિત રાજ્યમાં ધમાકેદાર વરસાદ પડ્યો છે. ગુજરાતમાં પડેલા વરસાદની વાત કરીએ તો સુરત, તાપી, નવસારી, ડાંગમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. તાપીમાં સતત બીજા દિવસે મેઘાની તોફાની બેટિંગ કરી હતી. તાપીના ડોલવણમાં વરસ્યો ૫.૫ ઈંચ, સુરતના બારડોલીમાં પોણા ૫ ઈંચ, સુરતના પલસાણામાં પણ ૪.૨૫ ઈંચ વરસાદ વરસ્યો છે. ડાંગના સુબીરમાં પોણા ૪, વ્યારામાં ૩.૫ ઈંચ વરસાદ, નવસારીના વાંસદામાં ૩.૨૫ ઈંચ વરસાદ વરસ્યો છે. તાપીના સોનગઢમાં પોણા ૩, વાલોડમાં ૨.૫ ઈંચ, સુરત શહેરમાં પણ ૨.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. નવસારી અને ગણદેવીમાં પણ અઢી ઈંચ વરસાદ પડ્યો છે. રાજ્યના ૧૬ તાલુકામાં ૨ ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. અલગ અલગ ૪૦ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

## બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેશે

# પીએમ મોદી બ્રાઝિલ પહોંચ્યા, રિયો ડી જેનેરિયોમાં થયું સ્વાગત



નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭માં બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે બ્રાઝિલના રિયો ડી જેનેરિયો પહોંચ્યા છે, જ્યાં તેમનું ગેલિયોના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જોરદાર સ્વાગત થયું. વડાપ્રધાનની આ બ્રાઝિલની યાત્રા બે તબક્કામાં રહેશે, જે માટે બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લૂલા દા સિલ્વાએ નિમંત્રણ આપ્યું હતું. આ યાત્રા દરમિયાન વડાપ્રધાન રિયો બ્રિક્સ સમિટમાં હાજરી આપ્યા બાદ રાજધાની બ્રાસિલિયાની રાજ્યની મુલાકાત લેશે. રિયો ડિ જેનેરો પહોંચ્યા બાદ વડાપ્રધાને ખુશી વ્યક્ત કરતા એક્સ પર પોસ્ટ કરીને લખ્યું કે, બ્રાઝિલના રિયો ડી જેનેરો પહોંચી ગયો છું. જ્યાં હું બ્રિક્સ શિખર સંમલેનમાં ભાગ લઈશ અને પછી પ્રમુખ લૂલાના નિમંત્રણ પર રાજકીય યાત્રા માટે તેમની રાજધાની બ્રાસિલિયા જઈશ. આ પ્રવાસ દરમિયાન બેઠકો અને વાટાઘાટોના એક સાર્થક સમયની આશા છે. બ્રાસિલિયામાં વડાપ્રધાન મોદી પ્રમુખ લૂલા સાથે દ્વિપક્ષી વાટાઘાટો કરશે. જેનો હેતુ ભારત અને બ્રાઝિલ વચ્ચે વ્યૂહનૈતિક ભાગીદારીને મજબૂત કરવાનો છે. આ ભાગીદારી વેપાર, સંરક્ષણ, ઉર્જા, અંતરિક્ષ, ઉદ્યોગ, કૃષિ, સ્વાસ્થ્ય અને જન-જન વચ્ચેના સંબંધો જેવા પ્રમુખ વિસ્તારો પર કેન્દ્રીત હશે.

# તિહાર જેલમાંથી ખૂંખાર સીરિયલ કિલર ફરાર થયો

નવી દિલ્હી, તા.૬

દિલ્હીની તિહાર જેલમાં સજા કાપી રહેલો સીરિયલ કિલર સોહરાબ ફરાર થઈ ગયો છે. સોહરાબ ત્રણ દિવસ માટે પેરોલ પર જેલમાંથી બહાર આવ્યો હતો, પરંતુ જેલ પાછો ફર્યો નહીં. લખનઉ પોલીસ સાથે મળીને જેલ પ્રશાસન સોહરાબને શોધી રહ્યું છે. સોહરાબ ખૂંખાર સીરિયલ કિલર છે. તેણે ઘણી હત્યાઓ કરી છે. સમાજવાદી પાર્ટીની સરકાર દરમિયાન સોહરાબએ લખનઉના સઆદતગંજમાં પૂર્વ સાંસદ શફીકુર રહેમાન બર્કના પૌત્રની હત્યા કરાવી હતી. આ ઉપરાંત સોહરાબ એક પૂર્વ કાઉન્સિલરની હત્યાના કાવતરામાં પણ સામેલ રહ્યો છે.

સોહરાબ લખનઉના અમીનાબાદમાં શૂટરને ભાડે રાખીને ભાજપના કાઉન્સિલર પપ્પુ પાંડેની હત્યા કરાવી હતી.

*તંત્રીની કલમે................*

# એકાદો પ્રવેશોત્સવ શિક્ષકો માટે પણ યોજી કાઢો


Editor- Nilay H. Mehta

ગામડાંગામની સ્કૂલમાં અધિકારીઓનો કાફલો એન્ટર થયો. એક અધિકારી કહે, 'જુઓ, આપણે ઈન્સ્પેક્શન માટે નથી આવ્યા, પ્રવેશોત્સવ માટે આવ્યા છીએ. એટલે બહુ કડકાઈ ન રાખશો.'

બીજા અધિકારી કહે, 'સર, આપણે ઈન્સ્પેક્શનમાં કડકાઈ રાખતા હોત તો તો આ પ્રવેશોત્સવની જરુર જ ન પડત. સરકારી શાળાઓ એમને એમ વિદ્યાર્થીઓથી ઉભરાતી હોત.'

ત્રીજા અધિકારી કહે, 'શાળાઓ ખાલી રહી જાય છે એટલે જ તો આપણને પ્રવેશોત્સવની તક મળે છે.'

એક અધિકારી કહે, ' આ બાળકો તો શાળાના કમ્પાઉન્ડમાં રમી રહ્યા છે, આપણા આવ્યા પહેલાં એમનો કોઈએ પ્રવેશોત્સવ કરાવી દીધો?

બીજા અધિકારી કહે, 'અરે ના..ના સાહેબ. હવે કેવું થઈ ગયું છે કે કે પાણીની ટાંકી બંધાયા બાદ મહિનાઓથી એનો વપરાશ પણ ચાલુ થઈ ગયો હોય. પણ પછી પેલાં ટોટલ વિકાસ પેકેજમાં ગણવા માટે એનું પણ ઉદ્ઘાટન પછીથી કરાવીને તકતી મરાવી દઈએ છીએ ને એમ હવે તો સ્કૂલનું સત્ર ચાલુ થઈ ગયા પછી દિવસોના દિવસો સુધી આપણે પ્રવેશોત્સવ કર્યા કરીએ છીએ.' આ ચર્ચા ચાલતી હતી ત્યાં ગામના એક આગેવાન આવ્યા, 'સાહેબ, અમારી એક વિનંતી છે.' એક અધિકારી રુક્ષતાથી કહે, 'જુઓ, જેમ અર્જુનનું ધ્યાન માછલી પર જ હતું તેમ અમારું ધ્યાન અત્યારે ફક્ત ને ફક્ત પ્રવેશોત્સવ પર જ છે. અત્યારે પાણી, સફાઈ, રસ્તાની કોઈ રજૂઆત નહિ સાંભળીએ.' આગેવાન કહે, 'સર, હું પણ પ્રવેશોત્સવ માટે જ વિનંતી કરવા આવ્યો છું.બાળકોનું પતે પછી એકાદ પ્રવેશોત્સવ શિક્ષકોનો પણ કરાવી દો. ' બીજા અધિકારી ગરમ થયા. 'કેમ શિક્ષકો શાળામાં નથી આવતા ? પગારો તો બધા મોટા મોટા લે છે. જરા એ શિક્ષકોના નામ આપો એટલે એ બધાનો નોકરીમાંથી નિકાલોત્સવ કરાવી દઈએ. ' આગેવાન કહે, 'ના..ના સર એવું નથી. સ્કૂલના ચોપડે શિક્ષકોનું ખાલી નામ બોલે છે. બાકી એમને ભણાવવા આવવાનો ટાઈમ ક્યાં મળે છે. ક્યારેક એમને મેલેરિયાનાં સર્વેક્ષણનું કામ આવે,હવે વસતી ગણતરીનું શરુ થશે, ક્યારેક પશુપાલન ખાતાં વાળા તો ક્યારેક મહેસૂલવાળા કોઈ રજિસ્ટર ભળાવી જાય, મતદાર યાદીઓનું કાયમી છે. હવે તો છાશવારે કોઈ રેલીઓમાં કે સભાઓમાં કે બીજી સરકારી ઈવેન્ટોમાં બાળકોને લઈને જવું પડે છે, તેમાં બાળકોને લઈ જવા બસો શોધવાની, બાળકોને ભેગાં કરવાના, ઈવેન્ટની જગ્યાએ લઈ જવાનાં, એમનાં નાસ્તા પાણીનું ધ્યાન રાખવાનું, એમને પાછા ઘર ભેગા કરવાના એ બધામાં જ રોકાયેલા રહે છે એમાં શાળાએ પહોંચતા જ નથી. આ બધું જરા ઓછું થાય તો એ લોકોનો પણ શાળામાં નચિંત પ્રવેશોત્સવ થઈ શકે..'આગેવાન બોલતા રહ્યા...ત્યાં સુધીમાં સરકારી અધિકારીઓના કાફલો ગામમાંથી એક્ઝિટ કરી ગયો.

આદમનું અડપલું

વિદ્યાર્થીઓ માટે ભાર વગરનું ભણતર પણ શિક્ષકો માટે ભણતર સિવાયના જાતભાતના ભારનું નડતર.


સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### ઘૂંટણસમા પાણી ભરાતા વાહનચાલકો પરેશાન

# ધોધમાર વરસાદે આખા ભરુચ શહેરને જળબંબાકાર કરી દીધું

## ભારે વરસાદને કારણે ભરૂચ શહેરના સેવાશ્રમ માર્ગ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમાં પાણી ભરાયા



ભરૂચ

ગુજરાતભરમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ ચાલી રહી છે, ત્યારે ભરૂચ શહેર અને જિલ્લામાં મેહુલિયો મન મુકીને વરસી રહ્યો છે. ગત મોડી રાતથી શરૂ થયેલા ધોધમાર વરસાદે આખા શહેરને જળબંબાકાર કરી દીધું છે. ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે, જેના પગલે જનજીવન પર ગંભીર અસર પડી છે. વધુમાં આજે સવારથી જ કાળા ડિબાંગ વાદળો છવાયા છે.

ભારે વરસાદને કારણે ભરૂચ શહેરના સેવાશ્રમ માર્ગ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમાં પાણી ભરાયું હોવાનું જોવા મળ્યું છે, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા વાહનચાલકો રસ્તા વચ્ચે અટવાઈ ગયા છે, જ્યારે રિક્ષાચાલકો પોતાની રિક્ષાઓને ધક્કો મારીને આગળ લઈ જતા જોવા મળી રહ્યા છે. ઠેરઠેર જળબંબાકારના દ્રશ્યોથી શહેરની સ્થિતિ ચિંતાજનક બની રહી છે. ભરૂચ શહેરમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેના કારણે ખાસ કરીને ટુ-વ્હિલર ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોના બાઈક-સ્કૂટર બંધ પડી જતા, તેઓ પોતાના વાહનોને ધક્કો મારીને પાણીમાંથી બહાર કાઢવા મજબૂર બન્યા છે. ભારે વરસાદને કારણે કામ ધંધાની વાત તો દૂર લોકો જરૂર કામ માટે પણ બહાર નીકળી શકતા નથી. ખાસ કરીને શહેરના બાયપાસ રોડ પરની સોસાયટીઓમાં પાણી ભરાવાની વિકટ સમસ્યાને લઈને સ્થાનિક રહેવાસીઓએ ચિંતા વ્યક્ત કરી છે.

આ ઉપરાંત ભરૂચ જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ સમયાંતરે વરસાદ વરસી રહ્યો છે. વરસાદના આંકડાઓ પર નજર મારીએ તો, ગઈકાલેથી લઈ આજે (૬ જુલાઈથી ૭ જુલાઈ) છેલ્લા ૨૪ કલાકમાં ભરૂચ શહેરમાં ૧.૨ ઈંચ જેટલો, જ્યારે હાંસોટ તાલુકામાં ૨.૯૯ ઈંચ અને વાલિયામાં ૨.૭૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત, અંકલેશ્વર, વાગરા, જંબુસર અને નેત્રંગમાં પણ વરસાદે અસર કરી છે. માત્ર ભરૂચમાં જ નહીં રાજ્યના અનેક વિસ્તારોમાં બારે મેઘ ખાંગા કરીને વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ વરસાદ અરવલ્લીના ભીલોડામાં ૬.૬ ઈંચ નોંધાયો છે, જે બાદ બીજા નંબરે તાપીના વ્યારામાં ૫.૫૫ ઈંચ નોંધાયો છે. જેના કારણે અનેક વિસ્તારોમાં જનજીવન પર અસર પડી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે પણ ભરૂચ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. ઉપરાંત આગામી થોડા દિવસો સુધી ભરૂચ સહિત દક્ષિણ ગુજરાતના અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી શકે છે. સ્થાનિક તંત્રને સાવચેતી રાખવા અને જળબંબાકારની સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે તાત્કાલિક પગલાં લેવાની સૂચના આપવામાં આવી છે.

### કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાએ કહ્યું

# પોરબંદરની છબી ખરાબ છે એટલે ઉદ્યોગપતિ રોકાણ કરવા નથી આવતા !

પોરબંદર

પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાએ જાહેર કાર્યક્રમમાં એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે. જેનાથી પોરબંદરની પ્રજા અચંબામાં છે. તેમનું કહેવુ છે કે પોરબંદરની છબી ખરાબ હોવાથી ઉદ્યોગકારો રોકાણ કરતા ખચકાયા છે. તેવું કેન્દ્રીય પ્રધાન અને સાંસદ મનસુખ માંડવિયાએ જાહેર કાર્યક્રમના મંચ પરથી આ નિવેદન આપ્યું છે.

એક જાહેર કાર્યક્રમના મંચ પરથી ઔધોગીક વિકાસ મુદ્દે બોલતા માંડવિયાએ કાયદો હાથમાં લેનારા તત્વોને સાનમાં સમજાવવાનો પ્રયાસ કર્યો. આ સાથે જ તેમણે જણાવ્યું છે કે કાયદો કાયદાનું કામ કરશે.અને કાયદો હાથમાં લેનારા તત્વોની ભલામણ કે બચાવવાનો પ્રયાસ નહીં થાય.માંડવિયાએ દાવો કર્યો કે કેટલાક લોકોના કારણે પોરબંદર વિકાસથી વંચિત નહીં રહે. હવે પોરબંદરની જનતા સહયોગ કરશે સહન નહીં

પોરબંદરના વિકાસમાં અવરોધરૂપ બનેલા ગુનાખોરીના મુદ્દા પર કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તાજેતરમાં પોરબંદરની મુલાકાત દરમિયાન એક જાહેર સભામાં બોલતા, માંડવિયાએ જણાવ્યું કે શહેરની નકારાત્મક છબીને કારણે ઉદ્યોગપતિઓ રોકાણ કરવામાં અચકાય છે. તેમણે ઉમેર્યું કે આ ગંભીર સમસ્યા છે જે પોરબંદરના વિકાસને અટકાવે છે.

મનસુખ માંડવિયાએ કહ્યું કે તેમણે જિલ્લા કલેક્ટર ડીડીઓ અને એસપીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કડક સૂચનાઓ આપી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે ગુનાખોરીમાં સંડોવાયેલા કોઈ પણ વ્યક્તિને બચાવવામાં નહીં આવે, ભલે તે કોઈ પણ હોય.

મનસુખ માંડવિયાએ ઉદ્યોગપતિઓને પોરબંદરમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું અને આશ્વાસન આપ્યું કે સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પૂર્ણ પ્રયાસ કરશે. તેમણે પોરબંદરના લોકોને પણ સહયોગ કરવા અને શહેરની છબી સુધારવા માટે મદદ કરવા અપીલ કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પોરબંદરનો વિકાસ માટે સૌનો સહયોગ અત્યંત જરૂરી છે.

# ૩૨ વર્ષ જૂના હત્યા કેસમાં આરોપીને પકડી પાડવામાં પોલીસને સફળતા

## મલખાનસિંગ તેની મહિલા મિત્રની ગળું દબાવી અને હત્યા કરી મૃતદેહ ને ત્યાં જ મૂકી અને ફરાર થઈ ગયો હતો

વલસાડ

કહેવાય છે કાનૂન કે હાથ લંબે હોતે હૈ. ગુનેગારો ગમે તેટલા ચાલાક હોય અને ગમે ત્યાં છુપાય પરંતુ એક દિવસ પોલીસના હાથે લાગી જ જાય છે ત્યારે વલસાડ સીટી પોલીસે ૩૨ વર્ષથી નાસ્તા ફરતા હત્યાના કેસના એક આરોપીને છેક ઉત્તર પ્રદેશથી દબોચી લીધો છે. ૩૨ વર્ષ જૂના આ હત્યા કેસના આરોપીને ઝડપવા વલસાડ સીટી પોલીસે જે યુક્તિ અને જે કામગીરી કરી છે તે થ્રિલર ફિલ્મથી કમ નથી. કોણ હતો આ હત્યારો. જે ૩૨ વર્ષથી પોલીસને ચકમો આપી રહ્યો હતો. પરંતુ આખરે હવે હવાલાતની હવા ખાવાનો વારો આવ્યો છે.

વલસાડ શહેરમાં વર્ષ ૧૯૯૪ માં. શહેરના આઝાદ રોડ પર એક ધનમાઈ એપાર્ટમેન્ટ નામની બિલ્ડીંગ નો કન્સ્ટ્રક્શન ચાલી રહ્યું હતું.. આ કોન્ટ્રાક્ટરે આ બિલ્ડીંગના દેખરેખ માટે મલખાન સિંગ ભૂરાસિંગ કુછવાહા નામના એક વોચમેનને નોકરીએ રાખ્યો હતો મૂળ ઉત્તર પ્રદેશનો મલખાનસિંગ કુછવાહા કન્સ્ટ્રકશન સાઈટ પર ચોકીદારી કરતો હતો . જોકે થોડા સમય બાદ તેની સાથે તેની એક મહિલા મિત્ર રહેવા આવી હતી અને બંને આ કન્સ્ટ્રકશન સાઈટ પર સાથે રહેતા હતા. જોકે એક દિવસ આ મહિલા મિત્રએ મલખાનસિંગ પાસે ૨૦હજાર રૂપિયા ની માંગ કરી હતી..આથી બંને વચ્ચે વિવાદ થયો હતો.

મલખાન ને તેની મહિલા મિત્ર અન્ય પુરુષો સાથે પણ સંપર્કમાં હોવાની આશંકા ગઈ હતી. આ મામલે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા મામલો ગરમાયો હતો. આથી આવેશમાં આવી મલખાનસિંગ તેની મહિલા મિત્રની ગળું દબાવી અને નિર્મમ હત્યા કરી મૃતદેહ ને ત્યાં જ મૂકી અને ફરાર થઈ ગયો હતો. વર્ષ ૧૯૯૪ માં બનેલી આ ઘટના બાદ આરોપી મલખાન સિંગ ફરાર થઈ ગયો હતો. જે ને ઝડપવા વલસાડ જિલ્લા પોલીસ દ્વારા અવારનવાર ૩૨ વર્ષથી પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. જોકે આખરે વલસાડ સીટી પોલીસે આરોપીને છેક ઉત્તર પ્રદેશથી દબોચી અને વલસાડ લાવી સળિયા પાછળ ધકેલી દીધો છે.

૩૨ વર્ષથી ફરાર હત્યારો વોચમેન મલખાન સિંહ ઝડપાયા બાદ આ કેસની વિગતો સામે આવી રહી છે. જોકે ૩૨ વર્ષ જૂના કેસના હત્યારા આરોપીને ઝડપવા વલસાડ સીટી પોલીસે જે મહેનત કરી છે અને જે યુકતી અજમાવી છે તે કોઈ ફિલ્મી કહાની થી કમ નથી. આરોપીને ઝડપવા વલસાડ પોલીસે આરોપીના ગામ અને આજુબાજુના ગામ ની મતદાર યાદી મેળવી અને મતદાર યાદીમાં મલખાનસિંગના પરિવારજનોના નામો તારવી તેમાંથી તેમના સરનામા અને મોબાઈલ નંબર મેળવ્યા હતા. ત્યારબાદ કેટલાક મોબાઈલ નંબર પર અને ટ્રેસ કરી તેના પર સતત વોચ રાખી હતી.. સાથે જ વલસાડ સીટી પોલીસ ઉત્તર પ્રદેશ જઈ અને આ મામલે તપાસ કરતાં પોલીસના આંશિક માહિતી મળી કે આરોપી મલખાન સિંગના કેટલાક સંબંધીઓ સુરત અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં રીક્ષા ચલાવવા નું કામ કરે છે.

આથી વલસાડ સીટી પોલીસે તપાસની દિશા દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિસ્તાર તરફ કેન્દ્રીત કરી અને આ વિસ્તારના રીક્ષા ચલાવતા તમામની પૂછપરછ કરી અને ઝીણવટ પૂર્વક તપાસ કરતા આખરે પોલીસને મલખાનસિંગ ઉત્તર પ્રદેશમાં તેના ગામ આજુબાજુ હોવાની માહિતી મળી હતી. આથી સીટી પોલીસની ટીમ ઉત્તર પ્રદેશ ગઈ હતી અને આરોપીને તેના ગામ નજીક એક ગેસ્ટ હાઉસની સામે કાચા મકાનમાંથી જ દબોચી લીધો હતો.. ત્યારબાદ તેને વલસાડ લાવી હવે સળિયા પાછળ ધકેલી દીધો છે. આરોપી મલખાન સિંગે પોતાની મહિલા મિત્ર ની હત્યા જવાનીમાં કરી હતી પરંતુ હત્યા કર્યા બાદ ૩૨ વર્ષથી તે પોલીસને ચકમો આપી રહ્યો હતો. પરંતુ ચોર પોલીસની આ રમત લાંબી ચાલી. આખરે પોલીસે ૩૨ વર્ષ બાદ પણ આરોપી નો પીછો કરી તેને ધરપકડ કરી મૃતક મહિલા ને ૩૨ વર્ષ બાદ ન્યાય અપાવ્યો છે. આમ આરોપીઓ ગમે તેટલા શાતીર અને ચાલાક હોય પરંતુ એક દિવસ કાનૂનના હાથે ચડી જાય છે અને પોતે કરેલા કર્મોના સજા ભોગવવી જ પડે છે.

# સુરતમાં ધોધમાર વરસાદ, રસ્તાઓ પર ફરી જળબંબાકાર



સુરત

હવામાન વિભાગની વરસાદની આગાહીને લઈ આજે વહેલી સવારથી જ સુરત શહેરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદને પગલે સુરત શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. ભેસ્તાન વિસ્તારમાં ભારે વરસાદને લઈ પાણી ભરાવાની સ્થિતિ થઈ છે. અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદને પગલે પાણી ભારાય છે.

સુરત શહેરમાં ફરી એક વખત પ્રશાસનના પાપે સુરતના નાગરિકો મુશ્કેલીમાં મૂકાયા છે. સુરત શહેરના માર્ગો પર જળબંબાકારની સ્થિતિ છે. વરસાદી પાણી ભરાતા ભેસ્તાન-સચિન માર્ગ બંધ છે. મુખ્ય માર્ગ પાસેની સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ છે. સુરત શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. ૨ ઈંચથી વધારે વરસાદમાં જ સુરત શહેરમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદી પાણીના કારણે જનજીવનને અસર થઈ છે. મેઘરાજાએ ફરી સુરત મહાનગરપાલિકાની પ્રીમોનસૂન કામગીરીની પોલ ખોલી છે.

રાજ્યમાં એક સાથે ત્રણ-ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં ધોધમાર વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે સાત દિવસ રાજ્યભરમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ મુજબ આગામી સાત દિવસ રાજ્યના અલગ-અલગ જિલ્લામાં ક્યાંક ભારે તો ક્યાંક હળવો વરસાદ વરસી શકે છે. ભારે વરસાદની આગાહી વચ્ચે માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે.

આજે ૧૨ જિલ્લા અને બે સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે ૧૬ જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડની સાથે દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

જ્યારે રાજકોટ, બોટાદ, ગીર સોમનાથ, દીવ, આણંદ, ભરૂચ, સુરત, તાપી, ડાંગમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યમાં હાલ ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી સાર્વત્રિક વરસાદ નોંધાઇ રહ્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. તો દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા તોફાની બેટિંગ કરી રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં ૮ જુલાઈ સુધી સારા સાર્વત્રિક વરસાદનું અનુમાન છે. ૮ જુલાઈ બાદ વરસાદનું જોર ઘટી શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ અરવલ્લીના ભિલોડામાં સાડા ૬ ઈંચ વરસાદ વરસ્યો છે.

## ખોખરા હત્યાનો ભેદ ઉકેલાયો!

# મિત્રનું ખૂન કરી ભાગેલા શખ્સો આવ્યા પોલીસના સકંજામાં

અમદાવાદ : શહેરના ખોખરામાં આવેલી સંજીવની હોસ્પિટલ બહાર બનેલી હત્યાનો ભેદ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખ્યો છે. મિત્રનું જ ખુન કરીને ભાગી છુટેલા ત્રણ શખ્સોને પોલીસે આખરે સકંજામાં લઈ લીધા છે. દીકરાના જન્મ દિવસે જ હોસ્પિટલની બહાર પિતાની હત્યા કરી આ ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા. પરિવારમાં દીકરાના ઘરે દીકરો જન્મ થતા પરિવારમાં ખુશી હતી તેવામાં નવજાતના પિતાની હત્યાની ઘટના બનતા પરિવારમાં માતમ છવાયો હતો. હાલ પોલીસે આ ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. અમદાવાદમાં ખોખરા વિસ્તારમાં સંજીવની હોસ્પિટલની બહાર રવિ ખટીક નામના શખ્સની જાહેરમાં છરીના ઘા ઝીકીને હત્યા કરતા સનસનાટી મચી હતી. વસ્ત્રાલ ગામમાં રહેતો રવિ ખટિકની પત્ની ગર્ભવતી હતી. ખોખરામાં સંજીવીની હોસ્પિટલમાં એડમિટ કરી હતી. ૧ જુલાઈના રોજ દીકરાનો જન્મ થયો હતો. દીકરાના જન્મની ખુશીઓ થોડીક ક્ષણમાં જ પરિવારમાં માતમ છવાયો હતો. રવિ ખટિક પત્નીને મળવા હોસ્પિટલમાં આવ્યો હતો અને દીકરાને રમાડીને હોસ્પિટલની બહાર નીકળ્યો ત્યારે તેના ત્રણ મિત્રો હાર્દિક ઉર્ફે મોદી શુક્લ, નિખિલ બીસ્ટ અને સાગર રાજાવત ઈકોસ્પોર્ટ ગાડી લઈને આવ્યા હતા. રવિ પર લાકડીઓ અને છરીથી હુમલો કરીને મોતને ઘાટ ઉતારીને ફરાર થઈ ગયા હતા. હાલ પોલીસે આ ત્રણેય શખ્સોને પકડી તપાસ શરુ કરી છે. એસસીએસટી સેલના એસીપી દીપ પટેલે જણાવ્યું કે, ત્રણેય આરોપીની ખોખરા પોલીસે ધરપકડ કરી છે. આ ત્રણેય મિત્રોને રવિ સાથે ધંધામાં કંઈક અદાવત થઈ હતી. પૈસા લેવડ દેવડ બાબતે તકરાર થઈ હતી. ત્યારથી રવિ સાથે મતભેદ ચાલતા હતા તેમજ ઘણીવાર જપાજપી થયેલી છે. એક વર્ષ અગાઉ નીખીલ બિસ્ટને ત્યાં દીકરીનો જન્મ થયો ત્યારે રવિ તેને મારવા હોસ્પિટલ ગયો હતો. હવે ફેસબુકથી રવિના ઘરે દીકરાનો જન્મ થયો તે જાણવા મળતા આ ત્રણેય આરોપી હોસ્પિટલ રવિને મારવા પહોંચી ગયા હતા.

# અતિભારે વરસાદ વરસતા સુરેન્દ્રનગર બેટમાં ફેરવાયું

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જીલ્લામાં ધોધમાર વરસાદ પડ્યો જે વરસાદ પડ્યા બાદ શહેરમાં વરસાદી પાણી નિકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોઈ અનેક સોસાયટીઓ માં પાણી ભરાઈ રહેતા લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને રોજ મનપા કચેરીએ ટોળા પાણી નિકાલની માંગ સાથે હલ્લાબોલ કરી રહ્યા છે પરંતુ અધિકારીઓ જાણે લોકોની સમસ્યાઓ માં કોઈ રસ ન હોઈ તેમ થઈ જશે તેવો ઉડાવ જવાબ આપી સંતોષ માને છે. સુરેન્દ્રનગર નવા જંકશન વિસ્તારમાં વિવેકાનંદ સોસાયટી રામનગર સહિતની સોસાયટીઓ માં પાણી ભરાતા ઘરની બહાર જવુ મુશ્કેલ બન્યુ છે ત્યારે લોકોની એક જ માંગ છે કે તાત્કાલિક મનપા વરસાદી પાણીનો નિકાલ કરે. નવા જંકશન વિસ્તારની અનેક સોસાયટી ઓ વરસાદી પાણીમાં ગરકાવ હોઈ જેથી મહિલાઓ રણચંડી બની મનપા કચેરીમાં ઉગ્ર રજૂઆત કરતા મનપાના ડેપ્યુટી કમિશનર અર્જુન ચાવડા સ્થળ પર આવતા મહિલાઓ ના રોષનો ભોગ બનવુ પડ્યુ હતું. મહિલાઓ એ ઉગ્ર રજૂઆત કરી હતી અને તાત્કાલિક વરસાદી પાણીનો નિકાલ કરવા માંગ કરી હતી .

## ઈસ્કોન, સરખેજ, એસજી હાઈવેમાં ધોધમાર વરસાદ

# અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો



અમદાવાદ

હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે આજે અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરુ થયો છે. શહેરના પ્રહલાદનગર ગાર્ડન, એસજી હાઈવે, સરખેજ, ઈસ્કોન અને ચાંદખેડા વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. બપોર બાદ આકાશમાં કાળા ડિંબાગ વાદળો જોવા મળ્યા હતા. અમદાવાદ શહેરમાં આજે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. અમદાવાદના શેલા અને બોપલ વિસ્તારમાં પણ વરસાદ વરસી રહ્યો છે. બોપલમાં ધોધમાર વરસાદ શરુ છે. બોપલમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે. બોપલની સોસાયટીઓમાં પાણી ભરવાની શરૂઆત થઈ છે. બોપલના **BRTS** રુટ ઉપર પણ પાણી ભરાવા લાગ્યા હતા. ઈન્ડિયા કોલોની, શ્યામવૃંદ ટેનામેન્ટ, અભિષેક સોસાયટીના માર્ગો પર પાણી ભરાયા હતા. ભાવનગર શહેરના ભીડભંજન ચોક, જશોનાથ સર્કલ, કાળાનાળા, નવાપરા, ઘોઘા ગેઈટ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન સાથે વરસાદનું આગમન થયું છે. લાંબા સમય બાદ વરસાદ વરસતા લોકો પણ ખુશખુશાલ થયા છે. ધોધમાર વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ભારે વરસાદને લઈ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શરુઆત થઈ ગઈ છે.


સુરત શહેરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદને પગલે સુરત શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. ભેસ્તાન વિસ્તારમાં ભારે વરસાદને લઈ પાણી ભરાવાની સ્થિતિ થઈ છે. અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદને પગલે પાણી ભારાય છે.

સુરત શહેરમાં ફરી એક વખત પ્રશાસનના પાપે સુરતના નાગરિકો મુશ્કેલીમાં મૂકાયા છે. સુરત શહેરના માર્ગો પર જળબંબાકારની સ્થિતિ છે. વરસાદી પાણી ભરાતા ભેસ્તાન-સચિન માર્ગ બંધ છે. મુખ્ય માર્ગ પાસેની સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ છે. સુરત શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. ૨ ઈંચથી વધારે વરસાદમાં જ સુરત શહેરમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદી પાણીના કારણે જનજીવનને અસર થઈ છે. મેઘરાજાએ ફરી સુરત મહાનગરપાલિકાની પ્રીમોનસૂન કામગીરીની પોલ ખોલી છે.

## વડોદરા સયાજી હોસ્પિટલમાં ૧૫ કેસ નોંધાયા

# ગુજરાતમાં ફેલાયો મોતનો વાયરસ! ૮ બાળકોના મોત

### હાલ ૩ બાળકો સારવાર હેઠળ અને ૨ PICUમાં ક્રિટિકલ સ્થિતિમાં દાખલ છે : પંચમહાલમાં ભયનો માહોલ



દાહોદ

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. ત્યારે તેની સાથે સાથ ઋતુજન્ય રોગચાળાએ પણ માથું ઉંચક્યું છે. એવામાં પંચમહાલ અને દાહોદ જિલ્લામાં શંકાસ્પદ ‘‘સેન્ડફ્લાય’’ વાયરસનો કહેર જોવા મળી રહ્યો છે.

શંકાસ્પદ સેન્ડ ફ્લાય માખી કરડવાથી ૮ બાળકોના મોત થયા છે. હાલ ૩ બાળકો સારવાર હેઠળ અને ૨ **PICU**માં ક્રિટિકલ સ્થિતિમાં દાખલ છે. એક બાળકની તબિયત સુધારા પર હોય જનરલ વોર્ડમાં ખસેડાયો છે. સારવાર હેઠળના ત્રણ બાળકોના લોહીના નમૂના ગાંધીનગર તપાસ માટે મોકલ્યા છે.

પંચમહાલ જિલ્લામાં ભેદી વાઈરસના કારણે ત્રણ બાળકોના કરુણ મોત નીપજ્યા છે, જેના પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાયો છે. શહેરા તાલુકાના ડોકવા ગામે આઠ વર્ષના એક બાળકને આ ભેદી વાઈરસે ભરખી જતાં પરિવાર સહિત આસપાસના લોકોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે. ત્યારે હજુ ૩ બાળકો વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ વાયરસ ૮ વર્ષથી નાના બાળકોમાં જ જોવા મળે છે અને સેન્ડ ફ્લાય નામની માખીથી થાય છે મહત્વની વાત તો એ છે કે માખીથી થતો આ રોગ એટલો ખતરનાક છે કે આ વાયરસથી દર્દી કોમામાં જઈ શકે છે કે દર્દીનું મૃત્યુ પણ થઈ શકે છે.

આ વાઈરસથી ૭૫ ટકા જેટલો મૃત્યુદર છે. મહત્વની વાત એ પણ છે કે આ વાયરસથી થતા રોગ માટે હજુ સુધી કોઈ એન્ટી વાયરસ દવા પણ બની નથી.

ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે બાળકોને અસર કરતો ગંભીર વાયરલ ચેપ છે. તેના લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો, ઉલટી, ઝાડા અને કેટલાક કિસ્સાઓમાં મગજનો સોજો જોવા મળે છે.

આ વાઈરસ મચ્છર કરડવાથી ફેલાય છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન તેનો પ્રકોપ વધવાની શક્યતા રહે છે. લોકોને સાવચેત રહેવા અને વાઈરસથી બચવા માટે જરૂરી તકેદારી રાખવા કહેવામાં આવ્યું છે.

જિલ્લા આરોગ્ય અધિકારીઓ દ્વારા બાળકોને મચ્છર કરડવાથી બચાવવા, ઘરની આજુબાજુ સ્વચ્છતા જાળવવા અને પાણીનો ભરાવો ન થાય તેની તકેદારી રાખવા કહેવામાં આવ્યું છે.

# બનાસકાંઠા-આણંદમાં વીજ કરંટથી પાંચ લોકોના મોત

બનાસકાંઠા

ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે,ત્યારે કોઈપણ ઈલેક્ટ્રિક ઉપકરણોને હાથ અડાડતા પહેલા થોડું સાવધ રહેવાની પડે છે. આ દરમિયાન બનાસકાંઠાથી વીજ કરંટની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જયા ધરાધરા ગામે વીજ કરંટ લાગવાથી એક પરિવારના ત્રણ લોકોના મોત નિપજ્યાં છે. માતા-પિતા અને પુત્ર ખેતરમાં બોરવેલ ચાલુ કરવા ગયા હતા, જ્યાં તેમને વીજ કરંટ લાગ્યો હતો. હાલ મૃતક પરિવારના મૃતદેહને વાવ ખાતેની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યાં છે. બીજી તરફ આણંદના ઉમરેઠમાં વીજ કંરટ લાગતા બે યુવકના મોત નિપજ્યાં છે.

મળતી માહિતી અનુસાર, વાવ તાલુકાના ધરાધરા ગામે વહેલી સવારે જેઠા મકવાણા, રખુંબેન મકવાણા અને પુત્ર પથુ મકવાણા ખેતરમાં બોરવેલ ચાલુ કરવા ગયા હતા.

આ દરમિયાન તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવાર ઘટનાસ્થળો દોડી આવ્યો હતો. હાલ મૃતદેહને પીએમ અર્થ ખસેડાયા હતાં.ત્યારબાદ આ સમગ્ર ઘટના બાદ ગામમાં શોકનો માહોલ છે.

બીજી તરફ આણંદના ઉમરેઠ પાસેના બેચરી ગામે વીજ કંરટ લાગતા બે યુવકના મોત થયા છે. મહોરમ નિમિત્તે કતલની રાત્રીએ તાજીયા રમતા વીજ્ કરંટ લાગ્યો હતો. જેમાં મોહસીનખાન અને હુસેનખાનના મોત નિપજયા. નોંધનીય છે કે, તાજીયા રમતા તાજીયા વીજ વાયરને અડી જતાં બન્ને યુવક મોતને ભેટયા હતા. બેચરી ગામમાં મહોરમ પર્વ માતમમાં છવાયો હતો.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).